# ARHAM SPIRITUAL CENTRE

સંચાલિત

**સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરૂ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેંટર, મુંબઈ દ્વારા આયોજિત**

અને

**''સર્વમંગલમ્ આશ્રમ'', સાગોડિયા (પાટણ), તથા હેમચંદ્રાચાર્ય ઊત્તર ગુજરાત યુનિવર્સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ જૈનોલોજી પાટણ**

દ્વારા પ્રેરિત

## જૈનસાહિત્ય જ્ઞાનસત્ર - ૧૧
## ૫-૬-૭ એપ્રીલ ૨૦૧૪

## *Certificate of Honour*

## સન્માનપત્ર

શ્રી/શ્રીમતી [illegible]

- ☐ આપે જૈન સાહિત્ય, જ્ઞાનસત્રમાં ઉપસ્થિત રહી શ્રુતજ્ઞાન ની પાવન પ્રભાવના કરેલ છે.
- ☐ આ જ્ઞાનયજ્ઞમાં આપશ્રીએ સફળ વક્તવ્ય આપી શ્રુતજ્ઞાનની પાવન ઉપાસના કરેલ છે.
- ☐ જ્ઞાનસત્રના ગ્રંથ ''જ્ઞાનધારા'' માં આપશ્રીએ નિબંધ રજુ કરી શ્રુતસંપદાને સમૃધ્ધ કરવામાં પુરુષાર્થ કર્યો છે.

અમો આપના યોગદાન બદલ ગૌરવ અનુભવીએ છીએ, અને આપના સહકાર બદલ આ સન્માન પત્ર અર્પણ કરીને ગુણપ્રમોદ ની ભાવના વ્યક્ત કરીને ઋણ સ્વીકાર કરીએ છીએ.

**પ્રદીપ વોરા**
મેનેજિંગ ટ્રસ્ટી
સર્વમંગલમ્ આશ્રમ

**ડૉ. સુમનબેન ઠક્કર**
(સંયોજક - જૈનોલોજી વિભાગ)
હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ

**ગુણવંત બરવાળિયા**
ટ્રસ્ટી SKPG જૈન સેંટર
મુંબઈ

# પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની વેયાવચ્ચ : સંજય ભરતભાઈ કોઠારી

દરેક ધર્મમાં સાધુ-સંતોની સેવા કરવાનો વિશેષ મહિમા છે. સાધુ પોતાના પવિત્ર ચારિત્ર્ય દ્વારા અને પારદર્શક ઉપદેશ દ્વારા સંસારીજનોને ધર્મના માર્ગે ચાલવાનું દિશાદર્શન કરાવતા હોય છે. તેમના એ ઉપકારનો બદલો આપણે ફક્ત એમની સેવા કરીને તથા એમને પ્રસન્ન કરીને જ વાળી શકાય.

તેમાંય જૈન સાધુ-સાધ્વીજી મહારાજના કષ્ટમય સંયમનો વિચાર કરીએ છીએ ત્યારે સહજ રીતે જ અહોભાવ છલકાઈ આવે છે. અન્ય ધર્મના સાધુઓ કરતા જૈન ધર્મના સાધુ-સાધ્વીજીની આચારસંહિતા વિશેષ કઠિન અને વિશેષ ઉગ્ર હોય છે.

એક વ્યક્તિ સંયમપૂર્ણ જીવન જીવવા પ્રતિજ્ઞાબદ્ધ થાય છે ત્યારે ખરેખર એ સમગ્ર સંસારના જીવો પર પરોક્ષ ઉપકાર જ કરે છે. એટલે જે જેણે અંગત સુખો છોડીને જગતના જીવમાત્રનું કલ્યાણ ઝંખ્યું હોય એવાં સાધુ-સાધ્વીજીની સંગત પણ કરવી જોઈએ અને એમની યથાશક્તિ સેવા પણ કરવી જોઈએ.

આવા નિસ્પૃહી સાધુ-સાધ્વીની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવી, એમના સંયમજીવનને પોષક વાતાવરણ પૂરું પાડવું, એમના આરોગ્યની માવજત કરવી, એમને અભ્યાસ અને જ્ઞાનાર્જન માટે સુવિધા આપવી, બીમારી કે અકસ્માત જેવી પરિસ્થિતિમાં તેમની સાર-સંભાળ લેવી, એમની વૃદ્ધાવસ્થામાં એમની સંયમસાધના અવિરત અને અખંડ રહે એવી વ્યવસ્થા કરવી એ વેયાવચ્ચ છે.

વેયાવચ્ચ શ્રાવકધર્મનું ગૌરવશિખર છે.

વેયાવચ્ચ કરવા માટેનાં કેટલાંક જૈન શાસ્ત્રીય નીતિ-નિયમો અને ધોરણો છે. તેમને શાસ્ત્રાજ્ઞા મુજબ આહાર-પાણીની સુવિધા મળે, વસ્ત્રો-કામળી જેવાં ઉપકરણો મળે, ચાલી ન શકે એવાં સાધુ-સાધ્વીજીને વિહાર બાબતે યોગ્ય વ્યવસ્થા મળે, બીમાર સાધુ-સાધ્વીજીને યોગ્ય ઔષધ અને સારવાર મળે તથા વયોવૃદ્ધ સાધુ-સાધ્વીજીને વિહાર કરવાની ક્ષમતા ન હોય ત્યારે સ્થિરવાસ કરવાની જોગવાઈ થાય આ બધું વૈયાવચ્ચ કહેવાય.

આમ તો સંસ્કૃત ભાષામાં ‘વૈયાવૃત્ય’ શબ્દ છે. પ્રાકૃતમાં તે ‘વેયાવચ્ચ’ બને છે. આપણે સામાન્ય બોલચાલમાં ‘વૈયાવચ્ચ’ ઉચ્ચારણ કરીએ છીએ, તે ખોટું છે. એટલે ‘વૈયાવચ્ચ’ને બદલે ‘વેયાવચ્ચ’ જ ઉચ્ચાર કરવો જોઈએ.

જૈન ધર્મમાં વેયાવચ્ચનો વિશેષ મહિમા છે. સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘ ગણાય છે. આ ચતુર્વિધ સંઘના મુખ્ય અંગ સમાન સાધુ-સાધ્વીજી મહારાજની અનિવાર્ય આવશ્યકતાઓની સગવડ કરવી એ વેયાવચ્ચ કહેવાય. તે જ પ્રમાણે શ્રાવક માટે બાર વ્રતો બતાવેલાં છે. એમાં બારમું છે : અતિથિ સંવિભાગ અર્થાત્ અતિથિ માટે ભાગ રાખવો તે. અતિથિ એટલે સાધુ-સાધ્વીજી. તેથી જ વેયાવચ્ચ પ્રત્યેક શ્રાવકનો ધર્મ છે.

જૈન ધર્મમાં બાહ્ય અને અભ્યાંતર તેમ કુલ બાર પ્રકારના તપની વાત છે. એમાં એક તપ વેયાવચ્ચનું પણ છે. અન્ય તમામ તપ કરવાથી વ્યક્તિનું પોતાનું જ કલ્યાણ થાય છે એટલે કે માત્ર સ્વનું જ હિત થાય છે. વેયાવચ્ચ એકમાત્ર એવું તપ છે જે બંનેને લાભદાયક છે એટલે કે સ્વનું અને પરનું હિત થાય છે.

ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું છે કે જે વ્યક્તિ બીમાર અને ગ્લાન સાધુ-સાધ્વીની સેવા કરે છે, તે મારી સેવા કરે છે. મૂર્તિ અને પ્રતિમાની ભક્તિ પણ જો આપણને અનેરું આધ્યાત્મિક ફળ આપતી હોય તો આ તો જીવતાં-જાગતાં વીતરાગ-માર્ગનાં અનુયાયી છે. એમની સેવા-ભક્તિના ઉત્કૃષ્ટ પરિણામ માટે કોઈ સંદેહ ન હોઈ શકે.

જેની વેયાવચ્ચ કરવામાં આવે એનો મોક્ષ થતો હશે કે નહિ તેની ખબર નથી, પણ જે વ્યક્તિ વેયાવચ્ચ કરે છે એને તો એ ક્ષણે જ મોક્ષ માર્ગ પર પ્રવેશ થઈ જાય છે.

રાગ-દ્વેષથી મુક્ત રહીને સૌનું કલ્યાણ ઝંખતા અને પોતાના આત્મકલ્યાણમાં રાત-દિવસ સાધનામય રહેતાં સાધુ-સાધ્વીજીની (તેમને અતિથિ સમજીને પણ) સેવા કરવાથી આપણા આચાર-વિચારની શુદ્ધિ થાય છે. આપણે ભાવાત્મક ઊંચાઈએ પહોંચીએ છીએ. જે પરિવારમાં સાધુ-સાધ્વીજીની રૂડી વેયાવચ્ચ કરવાના સંસ્કાર હશે, એ પરિવારનાં બાળકો ખૂબ સંસ્કારી અને વિનયી હશે.

જેઓ પોતાના જીવનમાં અજાણતાંય કોઈ રાગ-દ્વેષ ન પ્રવેશી જાય એ બાબતે આટલી હદે જાગરૂક રહેતા હોય એમની વેયાવચ્ચ કરવામાં આપણે કરકસર કેમ કરવી ? 'સાધુનાં દર્શનમં પુણ્યમ્' એટલે કે સાધુ મહારાજનાં દર્શન માત્રથીય પુણ્ય થતું હોય છે. જો એમનું માત્ર દર્શન પણ પુણ્ય કરાવનારું હોય, તો એમની વેયાવચ્ચ તો પુણ્યકારક હોય જ.

ધર્મગુરુની સેવા કરવાથી કૃતાર્થ થવાય. કદીય ગુરુના દોષ ન જોવા જોઈએ, માત્ર એમના ગુણ તરફ જ દૃષ્ટિ રાખવી જોઈએ.

વેયાવચ્ચ એવો ધર્મ છે કે આપણને તત્કાલ પ્રસન્નતા અને ધન્યતાનું પરિણામ આપે છે.

શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં વેયાવચ્ચ ગુણને અપ્રતિપાતી ગુણ કહ્યો છે. અર્થાત્ ભવસાગરની કોઈપણ જાતની સ્પૃહા વિના જન્મથી રહિત બનવાની ભાવનાથી આરાધના કરાતો વેયાવચ્ચ ગુણ સુખ-શાંતિ અને સમાધિ પ્રાપ્ત કરાવી આપે છે.

વિશ્વના તમામ ધર્મોએ ઓછેવત્તે અંશે સેવાની વાત કરી છે પરંતુ જૈન ધર્મની વિશેષતા એ છે કે, એણે તપ અને ત્યાગના પ્રતિક સમા સાધુ-સાધ્વીજી મહારાજની વેયાવચ્ચથી માંડીને છેક નાનામાં નાના કીડી જેવા જીવ-જંતુની સેવાની વાત કરી છે. જગતમાં આવી વિરાટ કરુણાં એકલા જિનશાસનમાં જ જોવા મળશે.

ભગવાન મહાવીરનો અંતિમ ઉપદેશ ઉત્તરાધ્યયન સૂત્રમાં સાંપડે છે. એમાં કહ્યું છે : પ્રૂ. "વેયાવચ્ચયેણં ભંતે જીવે કિં જણયઈ" ઉ. "વેયાવ્યચણં તિત્થયરનામ ગોત્તં કમ્મં નિંબધઈ" પ્રથમ ગણધર ગૌતમ સ્વામિએ ભગવાન મહાવીરને પૂછ્યું, "હે ભગવાન ! વૈયાવૃત્યથી આત્મા શો લાભ પ્રાપ્ત કરે છે ?" ત્યારે ઉત્તરમાં ભગવાન મહાવીરે કહ્યું, "વૈયાવૃત્યથી આત્મા તીર્થંકર-પદને પ્રાપ્ત કરે છે."

નિસ્પૃહતા અને નિષ્કામ ભાવનાથી કરાયેલા સાધુ-સાધ્વીજી મહારાજના વૈયાવૃત્યથી તથા માનવચિત્તમાં આનંદ, ઉલ્લાસ અને શાંતિ વધારનારી પ્રવૃત્તિ કરવાથી તીર્થંકરપદ પ્રાપ્ત થાય તેમ કહ્યું છે.

જયવંતા જિનશાસનમાં દાનના પાંચ પ્રકાર છે : (૧) અભયદાન (૨) સુપાત્રદાન (૩) ઉચિત દાન (૪) કીર્તિદાન અને (૫) અનુકંપાદાન. જે પૈકી પ્રથમના બે દાન મોક્ષ માટે થાય છે અને બાકીનાં ત્રણ દાન સ્વર્ગ યા સંસાર માટે થાય છે.

પંચમહાવ્રતધારી પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની સેવા-સારવાર કરવામાં, સદ્ભાવના અને ભક્તિપૂર્વક આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, મકાન વગેરે માટે દાન આપવું તે બીજા પ્રકારનું સુપાત્ર દાન. આ સુપાત્રદાન તે વેયાવચ્ચ.

સુપાત્ર દાન દ્વારા આત્મા સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે.

સુપાત્ર દાનથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે.

## (૧) પૂ. ભગવંતોના સ્વસ્થ આરોગ્ય માટે આયુર્વેદિક ઔષધોથી ઉપચાર :

આયુર્વેદ અને જૈનધર્મના ગ્રંથોમાં કેટલીક સામ્યતાઓ જોવા મળે છે. આયુર્વેદ વિજ્ઞાન માણસો એ માંદા કેમ ન પડવું એની પર પ્રાથમિક ભાર મૂકે છે. જૈન ધર્મમાં પણ માંદગી આવે જ નહી એવા ધર્મના સિદ્ધાંતો ધાર્મિક આચાર સાથે વિશિષ્ટ રીતે વણી લેવામાં આવ્યા છે. દાખલા તરીકે ઉકાળેલું પાણી પીવું, આયંબિલ, એકાસણું, ઉપવાસ, વંદના, હળવું ભોજન જેમાં મગ, ખાખરા વિશેષ હોય છે. સંધ્યા ઢળે એ પહેલાં ભોજન કરવું. રાત્રી ભોજન વર્જય જેવાં આરોગ્યલક્ષી સિદ્ધાંતોને મહત્વ આપે છે.

વર્ષાઋતુમાં જ્યારે જીવજંતુઓનો વધુમાં વધુ ઉપદ્રવ હોય, હવામાં વાયુનો દોષ હોય જેથી ખોરાક પચે નહિ ત્યારે મોટે ભાગે ઉપવાસ અને એકાસણા કરવાનું મહત્વ સ્વીકાર્યું છે. અને તેથી સાધુ ભગવંતોને અન્ય પદ્ધતિ કરતાં આયુર્વેદ પદ્ધતિ પ્રત્યે વિશેષ પ્રેમભાવ હોય છે. તેથી તેઓ શક્ય હોય ત્યાં સુધી આયુર્વેદની સારવાર પદ્ધતિને પ્રાથમિકતા આપે છે. કેટલીક આયુર્વેદ દવાઓ ગૌમૂત્ર દ્વારા શુદ્ધ થતી હોવાથી વૈકલ્પે અણહારી હોય છે તેથી તે લેવામાં તેમને વધુ અનુકૂળતા રહે છે.

તેથી જ પૂજ્ય ભગવંતોના સ્વસ્થ આરોગ્ય માટે અલ્પહિંસક તથા નિર્દોષ આયુર્વેદિક ઔષધિ દ્વારા જ ઉપચાર કરવો જોઈએ. મહાઆરંભ સમારંભ તેમજ મહાહિંસા દ્વારા બનાવવામાં આવેલ એલોપથીની દવાથી પૂ. ભગવંતોને દૂર રાખવા જોઈએ.

જૈન સાધુ ભગવંતોને આ આયુર્વેદીક ચિક્ત્સા પદ્ધતિ વધારે લાભકારક તેમજ ત્વરીત પરીણામ આપનારી છે. તે આ લઘુ લેખથી પ્રતિપાદન થાય છે.

પ્રાચીન આયુર્વેદમાં રોગોની ચિક્ત્સા માટેના અનેક વિશિષ્ટ દ્રષ્ટિકોણ દર્શાવિલ છે. તેને ધ્યાનમાં રાખી જો ચિકિત્સા કરવામાં આવે તો તેનાથી ઈચ્છિત તેમજ ઘણુ જ ઝડપી પરિણામ મેળવી શકાય છે.

તમામ રોગોમાં આ સામ-નિરામ પરીક્ષા કરી ચિકિત્સા પ્રયોજી શકાય છે.

આપણે ત્યાં આયુર્વેદીક સારવાર લેવા આવતા દર્દીઓ મોટે ભાગે સામ અવસ્થામાં હોય તેથી તેમને નિરામ અવસ્થામાં લાવ્યા સિવાય સારવાર આપવામાં આવે તો ઈચ્છિત પરિણામ મળતું નથી માટે પ્રથમ તેમને નિરામ કરવા જરૂરી છે.

દર્દી નિરામ થયા પછી રોગના લક્ષણો પ્રમાણે યોગ્ય ઔષધ પ્રયોજન કરવાથી રોગ ત્વરિત દુર થઈ શકે છે.

જૈન ધર્મના સિદ્ધાંતો પ્રમાણે પૂ. ભગવંતો ઉપવાસ, આયંબિલ, ઉકાળેલુ પાણી, દરરોજ સામાન્ય રીતે દસ કીલોમીટરનો વિહાર કરતા હોઈ તેમની અવસ્થા સામાન્ય રીતે નિરામ હોય છે, ચોવીહાર (સૂર્યાસ્ત પહેલા ભોજન) વગેરે નિયમો પણ નિરામ અવસ્થા લાવવામાં ઉપયોગી છે.

તેથી જ તેમને માટે શાસ્ત્રોક્ત આયુર્વેદિક પદ્ધતિની સારવાર ત્વરીત ફાયદાકારક તેમજ સંતોષ આપે તેવી બને છે.

## (૨) જરૂરી ઉપકરણો વહોરાવવા :

ઉપકરણોની માર્ગસ્થ વ્યવસ્થા શુદ્ધિ વિશે કાળજી કરીને આવા ઉપકરણોના ઉજમણા કરાવીને પૂજ્યોને આ બધાજ ઉપકરણો નિર્દોષ મળી રહે તેવી અનુકૂળતાઓ ગોઠવવી જોઈએ. દરેક ક્ષેત્રોમાં ચાતુર્માસ પૂર્વે આ ઉપકરણોની ઉપલબ્ધિ થાય તે માટે યોગ્ય વ્યવસ્થાઓ ગોઠવવી જોઈએ.

શ્રાવકે આયુર્વેદિક ઔષધો ઉપરાંત પૂ. ભગવંતોને અમુક રોજીંદી જરૂરિયાતના ઉપકરણો જેવા કે મચ્છરદાની, પેઈનક્રેશ ટ્યુબ, કાપ કાઢવાનો સાબુ, લોચ માટેના ચંદન સાબુ, જાત્યાદી મલમ, દેશી ઉની કામળી, આસન, ઓઘારિયા, સંથારિયા, બામ વિગેરે વ્હોરાવવાનો લાભ લેતા રહેવું જોઈએ.

**(૩) પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોના વિહાર માટે ઉચિત વ્યવસ્થા તથા સૂચનો :**

પરમપિતા પરમાત્માની આજ્ઞાને જીવનમાં આચરવા સાથે અનેકોના જીવનમાં પરમાત્માની આજ્ઞાનું આધ્યાયન કરાવતા આપણા પૂજનીય ગુરુભગવંતોના જીવનની રક્ષા કરવી તે આપણા સૌનું કર્તવ્ય છે. વિહારોમાં અકસ્માતો દ્વારા આપણે હીરલાસમ આપણા મહાત્માઓને ગુમાવી ન બેસીએ તે માટે સંઘના મોવડીઓએ ખાસ ધ્યાન આપવાની જરૂરત છે.

મહાત્માઓને અનિવાર્ય કારણ સિવાય બીનજરૂરી દોડાદોડ-લાંબા વિહારો કરવાનો આગ્રહ ના કરીએ

- પૂજા-પૂજન-સાલગીરી-મહોત્સવમાં ફક્ત નિશ્રાપ્રદાન માટે વિહાર ન કરાવીએ.
- પ્રતિષ્ઠા-દીક્ષા-અંજનશલાકા-પદપ્રદાન વગેરે વિશિષ્ટ પ્રસંગોમાં પણ મુખ્ય નિશ્રાદાતાથી સંતોષ માનીએ, પણ શોભાની અભિવૃદ્ધિ માટે સ્વજન, 'ગામના મહારાજ' વગેરેને લાંબા વિહારો કરીને પધારવાનો અહિતકર આગ્રહ ન કરીએ. સમગ્ર સમુદાય કે વધારે મહાત્માઓને લાવવાનો આગ્રહ છોડી દઈએ.
- પ્રસંગે નજીકમાં વિચરતા મહાત્માઓની નિશ્રા મળી શકે તેમ હોય તો તેમનાથી ચલાવી લઈએ.
- જે પ્રસંગો મહાત્માની નિશ્રા વિના પણ થઈ શકે છે, તે પ્રસંગમાં સહજ રીતે નજીકના મહાત્માની નિશ્રા મળે તો સારી વાત છે, પણ તેના માટે લાંબા લાંબા વિહારો કરીને નિશ્રા આપવા પધારવા દબાણ ન કરીએ.
- હાઈવે રોડ ઉપર વધારે અકસ્માતો થાય છે, માટે અંદરના રસ્તાઓના વિહારો જરૂરી છે, પણ જ્યાં જૈનોનાં ઘરો ઓછાં છે અથવા ક્યાંક છે જ નહિ તેથી
- વિહારગ્રૂપો બનાવવાં. એક ગામથી બીજે ગામ વિહારમાં મહાત્માઓને લેવા-મૂકવા જવું. ચોમાસા-પ્રસંગો માટે પણ એક સ્થાનથી અન્ય સ્થાન સુધી સલામત વિહારની વ્યવસ્થા કરવી તે આપણી ફરજ છે.
- ગામમાં રહેલાં જૈન કુટુંબોને આર્થિક રીતે સદ્ધર કરવાં. એમની ઊંચી સાધર્મિકભક્તિ કરવી. એમની ગુરુભક્તિની કદર કરવી અને તે માટે એમને પ્રોત્સાહિત કરવા જેથી પૂ. ભગવંતોના વેયાવચ્ચ બાબતે તેઓ વધુ નમ્ર બને.
- અજૈનોનાં ઘરોમાં પણ મહાત્માઓ ગોચરી વહોરવા જાય તો નિષેધ ન કરવો.
- જૈન ઉદ્યોગપતિઓ-શ્રીમંતો, પાલિતાણા-શંખેશ્વર-ગીરનાર-અમદાવાદ-મુંબઈ-ડીસા જેવા વધુ વિહારવાળા માર્ગોમાં ફાળો કરીને પણ, ગામડાંઓના અંદરના રસ્તે સમાંતર પગદંડી બનાવી શકે.

સાધુ-સાધ્વીજીને વિહાર વખતે સામાન ઊંચકવા માટે કે વ્હીલચેર ચલાવવા માટે બહારના મજૂર-માણસોની આવશ્યકતા રહે છે. એવા માણસો સાથે જ્યારે સાધુ-સાધ્વીજી કોઈ સંઘમાં પહોંચે અને પેલા માણસોને પૈસા ચૂકવવાનું હોય ત્યારે ઘણી આનાકાની થતી હોય છે. ક્યારેક તો ત્યાંના લોકો પૈસા ચૂકવવા જ તૈયાર નથી થતા. એવા વખતે સાધુ-સાધ્વીજી ભારે વિમાસણમાં મુકાઈ જાય છે. એવાં સમયે સાધુ-સાધ્વીજીને પરેશાની ન વેઠવી પડે એ બાબતે દરેક સંઘે વ્યવસ્થા વિચારવી જોઈએ.

**(૪) આયંબિલ શાળા, આરાધના ભવનમાં પાણીને ઉકાળવા તેમજ ઠારવા માટે એલ્યુમિનિયમના તપેલા-પરાતો ને બદલે તાંબાના તપેલા-પરાતો :**

આજે સાર્વત્રિક રીતે મોટાભાગના સંઘોના ઉપાશ્રયો-આયંબિલશાળામાં પીવાના પાણીને ઉકાળવા માટેના વાસણોમાં એલ્યુમિનિયમની પરાત (કથરોટ), તપેલા વિગેરે હોય છે. ભક્તિ હંમેશા ઉત્તમ

દ્રવ્યથી જ કરવી જોઈએ એ આપણા શાસ્ત્રોની આજ્ઞા છે. એલ્યુમિનિયમ એ હલકું દ્રવ્ય છે વળી તે આરોગ્ય માટે હાનિકારક સાબિત થયેલ છે.

હાલમાં જ દુનિયાભરમાં એલ્યુમિનિયમ ધાતુની વપરાશનાં સંશોધનોમાં ઘણી એવી બાબતો પ્રકાશમાં આવી છે કે જે ચોંકી જવાય તેવી છે. એલ્યુમિનિયમ એક અત્યંત ક્રિયાશીલ ધાતુ છે, તેથી હવામાં રહેલા ઓક્સિજન સાથે તરત જ સહેલાઈથી ભળી જઈ એલ્યુમિનિયમ ઓક્સાઈડમાં ઓક્સીકૃત થઈ જાય છે. તે ઘણી પાતળી પોપડી (લગભગ ૦.૦૧ માઈક્રોમીટરનું થર)ના રૂપે વાસણની અંદરની સપાટી ઉપર જમા થાય છે જે વાસણના રંગ જેવી સફેદ પોપડી હોવાથી જલ્દી નજરે ચડતી નથી.

એલ્યુમિનિયમના વાસણમાં ૩૦-૩૫ મિનીટ શુદ્ધ પાણી ગરમ કરવાથી અને ઠંડુ થયા પછી ગાળીને પારદર્શક સ્વચ્છ કાચની બોટલમાં ભરી સુક્ષ્મ નજરે ધ્યાનથી નિરીક્ષણ કરીએ તો એ ઉકાળેલા પાણીમાં સફેદ પાવડર હોય તેવો આભાસ થશે. એવું એટલા માટે દેખાય છે કે આ વાસણમાં પાણી ઉકાળવાથી એલ્યુમિનિયમના કેટલાક અંશ ઓગળીને તેમાં ભળી ગયેલા છે.

એલ્યુમિનિયમ મસ્તિષ્ક-મગજની હૃદયની કોશિકાઓને પણ નષ્ટ કરી શકે છે, એ જ કારણે હૃદયની માંસપેશીઓ પર જામેલ એલ્યુમિનિયમ હૃદયરોગ જેવા ભયંકર રોગોને જન્મ આપે છે. અલ્ઝાઈમર અને ડાયાલાઈસીસ ડિમેન્શીયા જેવા ખતરનાક અને લગભગ ઈલાજ ન થઈ શકે તેવા સ્નાયુ રોગો તથા રીનલ આસ્ટેડીસ્ટા જેવા અસ્થિરોગોનો ભય પણ રહે છે. તદ્ઉપરાંત રોગી પોતાની યાદદાસ્ત અને વિચારવાની ક્ષમતા બિલકુલ ગુમાવી દે છે. તે શારીરિક અને માનસિક રૂપે અપંગ થઈ જાય છે.

કોઈપણ સંજોગોમાં આ એલ્યુમિનિયમ વાસણો પાણી ઉકાળવામાં કે ઠારવાના ઉપયોગમાં ન જ લેવામાં આવે, અને તેની જગ્યાએ તાંબાના વાસણોનો જ ઉપયોગ થાય તે યોગ્ય છે. જેથી શ્રી ચતુર્વિધ સંઘની ભક્તિ ઉત્તમ દ્રવ્યથી કરવાનો લાભ મળે.

પૂ. ભગવંતોને શારીરિક તકલીફ થાય પછી વેયાવચ્ચ કરવી તેના બદલે તેઓને શારીરિક તકલીફો ન જ આવે તેવા પ્રયત્ન કરવા જરૂરી છે.

### (૫) આંખોના નંબર તપાસવા-ચશ્માની સગવડ કરવી વિગેરે :

આપણને જેમ કેટલીક અનિવાર્ય ચીજોની આવશ્યકતા રહે છે તેમ સાધુ-સાધ્વીજીને પણ હોય છે. આંખોની તકલીફ હોય ત્યારે ચશ્મા જોઈએ. આ ઉપરાંત લેખન માટે પેન-કાગળ જોઈએ. ટૂંકમાં તેમની અધ્યાત્મસાધના માટે આરોગ્યલક્ષી સગવડો અને જ્ઞાનોપાસનામાં ઉપયોગી પ્રાથમિક ઉપકરણો ઉપલબ્ધ કરાવી આપવાં એ વેયાવચ્ચ છે.

ચાતુર્માસ દરમ્યાન પૂ. ભગવંતો એક જ સ્થળ પર સ્થિરતા ધરાવતા હોઈ તેઓને આધ્યાત્મિક અભ્યાસ કરવાનો પૂરતો સમય મળી રહે છે. આ સમયમાં મહાત્માઓની પોતાની આંખોની નબળાઈને કારણે જ અભ્યાસમાં ખલેલ ન પડે તે માટે ચાતુર્માસમાં નેત્ર ચિકિત્સા શિબિર યોજી, ઉપાશ્રયોમાં ઓપ્ટીશીયનને સાધનો સાથે મોકલી આંખોનું નિદાન કરવું જરૂરી છે, આંખોના નંબર તપાસી ચશ્મા વ્હોરાવવા જરૂરી છે.

### (૬) દંત ચિકિત્સા યજ્ઞ :

શ્રી આયુર્વેદ ડેન્ટલ રિસર્ચ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટના મે. ટ્રસ્ટી નિષ્ણાંત દંતવૈદ્ય શ્રી લાભશંકર એફ. શુક્લ જેવા નિષ્ણાત દંત ચિકિત્સકની સેવાનો લાભ લઈ પૂ. ભગવંતો માટે સમયાંતરે દંત ચિકિત્સા યજ્ઞનું આયોજન કરવું જોઈએ.

**(૭) પૂ.સાધુ-સાધ્વીજીના સ્વાસ્થ્યને હાનિકારક કેમીકલયુક્ત પાત્રાના રંગને બદલે દેશી પદ્ધતિથી કુદરતી દ્રવ્યથી બનેલા સંપૂર્ણપણે જયણાથી બનાવેલા પાત્રા રંગવાના રંગો**

પરમ તારક પરમાત્મા શ્રી મહાવીરસ્વામી પ્રભુએ શાસનની જવાબદારી જેમના સ્કંધો પર મૂકી છે તેવા મહાત્માઓ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની બિમારીનાં અનેક કારણોનું એક કારણ છે તેમની ગોચરી માટેના પાત્ર રંગવા માટેના કેમીકલ રંગ. જે આહાર સાથે શરીરમાં પહોંચી પૂ. ભગવંતોના સ્વાસ્થ્યને ખૂબજ હાનિ પહોંચાડે છે.

આ દૂષણ દૂર કરવા માટે દેશી રંગો બનાવતા સાધર્મિક બંધુઓને શોધી કુદરતી દ્રવ્યના બનેલા પાત્રા રંગવાના દ્રવ્યો પૂ. ભગવંતોને વહોરાવવાનું અભિયાન હાથ ધરવું જોઈએ.

**(૮) પૂ. ભગવંતો માટે શાસ્ત્રના અભ્યાસ માટે નિષ્ણાત પંડિતોની વ્યવસ્થા.**

પૂ. ભગવંતો ચાતુર્માસ દરમિયાન એક જ સ્થાન પર સ્થિરતા ધરાવતા હોઈ તે સમય દરમિયાન શાસ્ત્રોના અભ્યાસ માટે તેઓને પૂરતો સમય મળી રહેતો હોય છે.

આ સમય દરમ્યાન શ્રાવકોએ/સંઘના મોભીઓએ શાસ્ત્રના તજજ્ઞ પંડિતોને રાખી તેઓના અધ્યાત્મના અભ્યાસ માટે ઉચિત વ્યવસ્થા કરવી જોઈએ. પ્રભુ મહાવીરના ઉપદેશને આપણા સુધી પહોંચાડવાનું માધ્યમ એક માત્ર સંયમધારી ગુરુ ભગવંતો જ છે. તેઓ જેટલા વધુ શાસ્ત્રના અભ્યાસમાં નિપૂણ બનશે તેનો તેમને માટે આત્મિક લાભ તો છે પરંતુ સાથે સાથે શાસનના શ્રાવકો માટે પણ આત્માની ઉન્નતિનું કારણ બની રહેશે.

**(૯) ઘરડા સાધુ-સાધ્વી માટે સ્થિરવાસ વ્યવસ્થા**

ઘરડાં સાધુ-સાધ્વીજી ભગવંતો જેઓ શારિરીક રીતે અશકત થઈ ગયા હોય, વિહાર કરી શકે તેમ ન હોય તેમને માટે શાસ્ત્રમા ખાસ સંયોગોમાં સ્થિરવાસની પરવાનગી આપેલ છે.

નિર્દોષ ગોચરી, શાસ્ત્રીય અભ્યાસની અનુકૂળતા/સગવડતા અને યોગ્ય શારીરિક ઉપચાર માટેની ઉપલબ્ધિ હોય તેવા સ્થાનમાં સ્થિર વાસની પરવાનગી આપેલ છે.

જે સ્થળે શ્રાવકોની અવર-જવર હોય, શ્રાવકો માટે આહાર પાણીની વ્યવસ્થા હોય તેવા સ્થાનમાં પૂ. ગુરુભગવંતોને નિર્દોષ ગોચરી ઉપલબ્ધ થઈ શકે તેમ હોય, તેમજ ઘરડાં સાધુ-સાધ્વીજીની સેવા ચાકરી માટે સાથે રહેલ યુવાન સાધુ-સાધ્વીજી માટે આધ્યાત્મિક અભ્યાસની અનુકૂળતા સાથે હોવી જરૂરી છે જેથી તેઓના શાસ્ત્રના અભ્યાસમાં બાધા ન આવે અને ઉત્તરોત્તર શાસ્ત્રોમાં આગળ વધી શકે. ઉપરાંત આ સ્થળની નજીકમાં જ ઘરડા સાધુ-સાધ્વીજીના ઉપચાર માટે યોગ્ય વ્યવસ્થા હોવી જોઈએ, આ પ્રકારની અનુકૂળતાવાળા સ્થાનમાં તેઓને સ્થિરવાસની પરવાનગી આપેલ છે.

આ તમામ વ્યવસ્થા સાચવવાની તેમજ, ન હોય તો યોગ્ય વ્યવસ્થા કરવાની ફરજ શાસનના શ્રાવકની/સંઘના મોભીઓની છે.

**(૧૦) માત્રુ પરઠવાની યોગ્ય વ્યવસ્થા :**

ઘણી વખત ઉપાશ્રયો તો વિશાળ અને ભવ્ય હોય છે, પરંતુ ત્યાં માત્રુ(પેશાબ) પરઠવાની ભારે તકલીફ હોય છે. મોટાં શહેરોમાં મોંઘા ભાવની જમીન લીધી હોય એટલે એની ઈંચે ઈંચ જગ્યાનું બરાબર પ્લાનિંગ કરેલું હોય. વ્યાખ્યાન હોલ વગેરે માટે જરૂર કરતાં પણ વિશેષ જગ્યા ફાળવેલી હોય, પરંતુ માત્રુ પરઠવાની વ્યવસ્થા પ્રત્યે દુર્લક્ષ્ય સેવાયું હોય છે. ત્યારે બને છે એવું કે સાધુ-સાધ્વીજી ન છૂટકે નજીકની કોઈ જગાએ માત્રુ પરઠવી આવે છે. એ જોઈને આસપાસમાં રહેતા અજૈન લોકોને જુગુપ્સા થાય છે. જૈનોને પણ જુગુપ્સા તો થતી જ હોય, પણ એ વ્યક્ત ન કરે. લોકોમાં

એવી ટીકા થાય છે કે જૈન સાધુ-સાધ્વીઓ ગંદકી કરનારાં હોય છે. જો આવા લોકાપવાદથી બચવું હોય તો દરેક સંઘે પોતાના ઉપાશ્રયમાં માત્રુ પરઠવાની યોગ્ય વ્યવસ્થા કરવી જ જોઈએ. વ્યાખ્યાન હોલ થોડો નાનો હોય તો ચાલે, કારણ કે એમા તો માત્ર પર્યુષણ જેવા પર્વના દિવસોમાં જ ભીડ હોય છે. સાધુ-સાધ્વીજીને તો દરરોજ દિવસમાં આઠથી દસ વખત માત્રુ પરઠવા માટે સગવડની જરૂર પડતી હોય છે. તેથી માત્રુ પરઠવાની યોગ્ય વ્યવસ્થા કરવી જરૂરી છે.

પૂ. ગુરુભગવંતોના સંયમધર્મને અડચણરૂપ ન થાય તે રીતે શ્રાવકોએ પૂર્ણપણે વેયાવચ્ચ કરવી જોઈએ.

**(૧૧) ઉપાશ્રયનું ભોંયતળિયું : પૂ. ભગવંતોને શરદી, સાંધાના દુઃખાવા તથા અનિદ્રાનું કારણ :**

શ્રી સંઘ-શ્રાવક દ્વારા પૂ. ભગવંતોની વેયાવચ્ચ ભક્તિનું મુખ્ય ધ્યેય તેમનું આરોગ્ય-તંદુરસ્તી સચવાય તે જ હોય છે. પરંતુ તેઓને માંદગી જ ન આવે તે દિશામાં વિચાર કરવામાં જ નથી આવતો. માંદગી આવવાના અનેક કારણોમાંનું એક કારણ ઉપાશ્રયમાં ભોંયતળિયામાં મારબલ-ટાઈલ્સનો ઉપયોગ થયેલ હોય છે તે છે. જેના પર દરરોજ સૂવાથી શરદી, સાંધાના દુઃખાવા, અપૂરતી ઊંઘ જેવી તેમને તકલીફ થાય છે. ભોંયતળિયાની ઠંડીના કારણે રોગ થવાથી હિંસક દવાનો આશરો લેવો પડે છે.

પૂ. ભગવંતોની આ તકલીફ દૂર કરવા માટે ઉપાશ્રયનાં ભોંયતળિયા પર ગાયનાં છાણનાં લીંપણ કરવાથી ઉપરોક્ત તમામ શારીરિક તકલીફોથી રાહત મળે છે. વર્તમાનમાં આધુનિકતાના રંગે રંગાયેલા શ્રાવકો માટે આ વાત ગળે ઉતારવી મુશ્કેલ છે તેથી છેવટે શિયાળાનાં બે-ત્રણ મહિના માટે પણ ઉપાશ્રયોના તળિયામાં ગાયના છાણનું લીંપણ કરવું જોઈએ. જેના ફાયદા અદ્‌ભૂત છે. તે તો અનુભવે જ સમજાય.

-સંજય ભરતભાઈ કોઠારી
મે. ટ્રસ્ટી : શ્રી નવકાર સારવાર કેન્દ્ર